# વિશ્વનો સૌથી શ્રેષ્ઠ & વિશાળ સાયન્સ પાર્ક













## GUJARAT SCIENCE CITY

Connecting Community with Science !







# IMAX 3D

IMAX 3D વલ્ડ ક્લાસ થ્રિડી ઈફેક્ટ સાથે આઈમેક્સ થ્રિડી થિયોટર એ અત્યાર સુધી કલ્પના કરવામાં આવેલ સૌથી શક્તિશાળી અને મંત્રમુગ્ધ કરનાર અકલ્પ્ય અનુભવ છે.

# ફ્લાઈટ રાઈડ સિમ્યુલેટર એક્ઝિબિશન બસ

ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા સિમ્યુલેટર કમ એક્ઝિબિશન બસ તૈયાર કરવામાં આવી છે. આ બસમાં વિમાનના કોકપિટનું સિમ્યુલેશન બનાવવામાં આવ્યું છે. જેમાં બેસીને પ્લેન ઉડાડવાનો, ટેકઓફ અને લેન્ડિંગ કરવાનો અનુભવ મેળવી શકાય છે. અસલ વિમાનના કોકપિટમાં હોય તેવી સુવિધાઓ આ સિમ્યુલેટર કમ એક્ઝિબિશન બસમાં છે.





# એક્વેટિક ગેલેરી

સાયન્સ સિટીમાં આવેલી એક્વેટિક ગેલેરી ભારતનું સૌથી મોટું એક્વેરિયમ છે. જ્યાં વિશ્વભરની જળચર પ્રજાતિઓ જોવા મળે છે. અહીં ૬૮ ટેન્કમાં શાર્ક સહિત જુદા જુદા જળચર જીવો રાખવામાં આવ્યા છે. એક્વેટિક ગેલેરીને જુદા જુદા ૧૦ વિભાગોમાં વિભાજિત કરવામાં આવી છે. જેમાં ભારતીય ઝોન, એશિયન ઝોન, આફ્રિકન ઝોન સહિત વિશ્વના મહાસાગરોનો સમાવેશ થાય છે.

- 188 પ્રજાતિઓ
- 5D થિયેટર
- આફ્રિકન પેંગ્વીન
- 11,600 થી વધુ જળચર પ્રજાતીઓ
- 28 મીટર લાંબી શાર્ક ટનલ





# રોબોટિક્સ ગેલેરી

અદ્યતન રોબોટિક્સ ગેલેરી **11,000** ચો.મીટરના વિસ્તારમાં ફેલાયેલી છે. અહીં વિવિધ પ્રકારના રોબોટ્સ રાખવામાં આવ્યા છે. જેમાં તબીબી, કૃષિ, અવકાશ, સંરક્ષણ અને રોજિંદા જીવનમાં ઉપયોગમાં આવતા રોબોટ્સનો સમાવેશ થાય છે. અહીં તમે રોબો કાફેમાં જઈ રોબો શેફ દ્વારા તૈયાર કરાયેલા અને રોબો વેઈટર્સ દ્વારા પીરસવામાં આવતા ભોજનનો પણ સ્વાદ લઈ શકો છો. અહીં સ્વાગત કક્ષમાં માનવીય સંવેદનાઓ વ્યક્ત કરતો રોબોટ પણ જોઈ શકાય છે. જે આનંદ, આશ્ચર્ય અને ઉત્તેજના જેવી લાગણીઓ વ્યક્ત કરે છે.

- **79 પ્રકારના રોબોટ્સ**
- **રોબો કાફે**
- **VR/AR ગેલેરી**
- **હ્યુમનોઈડ્સ રોબોટ્સ**
- **૨૦૨ રોબોટ્સ**





# નેચર પાર્ક

નેચર પાર્ક એ 20 એકર વિસ્તારમાં ફેલાયેલો વિશાળ પાર્ક છે. નેચર પાર્કમાં વિવિધ પ્રજાતિના છોડ અને વૃક્ષોથી આચ્છાદિત નયનરમ્ય પરિદ્રશ્ય જોવા મળે છે. તેમાં એક ઓપન જીમ અને બાળકો માટે ખાસ પ્લે એરિયા પણ છે. આ ઉદ્યાનમાં વૈજ્ઞાનિક માહિતીથી સભર મેમથ, ટેરર બર્ડ, સેબર ટુથ લાયન જેવા લુપ્ત થઈ ગયેલા પ્રાણીઓના વિવિધ શિલ્પો પણ છે.

- વૉકિંગ અને જોગિંગ ટ્રેક
- બટરફ્લાય ગાર્ડન
- મિસ્ટ બામ્બૂ ટનલ
- ઓપન જીમ
- ચેસ અને યોગા ગાર્ડન
- વિવિધ પ્રાણીઓના શિલ્પ




NATURE PARK
SCIENCE CITY
AHMEDABAD

# એમ્ફીથિયેટર






ગુજરાત સાયન્સ સિટીનું એમ્ફીથિયેટર ૧૫૦૦ લોકોની બેઠક ક્ષમતા ધરાવતું ઓપન એર થિયેટર છે. જેમાં વિવિધ વિજ્ઞાનલક્ષી પ્રદર્શન, સાયન્સ મેજીક શો અને અન્ય મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓ ઉત્તેજના, લાગણી અને ઊર્જા સાથે પરસ્પર સંવાદથી વિજ્ઞાનના તથ્યો, આંકડાઓ અને વિજ્ઞાનની તાર્કિક સમજ મેળવે છે.





# એનર્જી એજ્યુકેશન પાર્ક

એનર્જી એજ્યુકેશન પાર્કનો ઉદ્દેશ્ય ઉર્જાના સંરક્ષણ અને ઘટતા કુદરતી સંસાધનોનો વિશે સંદેશ ફેલાવવાનો છે.

અહીંના પ્રદર્શનોને ભારતીય સંસ્કૃતિના પાંચ મૂળભૂત તત્વો (પંચમહાભૂત) પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ તત્વો છે –

**(૧)** તેજ ( સૂર્યમાંથી ઊર્જા) **(૨)** મરુત (પવનમાંથી ઊર્જા) **(૩)** આપ (પાણીમાંથી ઊર્જા) **(૪)** ક્ષિતિ (પૃથ્વીમાંથી ઉર્જા) **(૫)** વ્યોમ (અવકાશનું સંશોધન)







# વિજ્ઞાન ભવન



સાયન્સ સિટીમાં આવેલ વિજ્ઞાન ભવન સંપૂર્ણ વાતાનુકૂલિત PEB બિલ્ડિંગ છે, જે LED સ્ક્રીન અને આકર્ષક સ્ટેજથી સજ્જ છે અને આશરે 5 હજાર પ્રેક્ષકોની બેઠક ક્ષમતા સાથે મોટા પાયે વિજ્ઞાન કાર્યક્રમો, પરિષદો વગેરે માટે આદર્શ સ્થળ છે.



# નોબલ ડોમ

નોબેલ ડોમ એ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રવાસી વૈજ્ઞાનિક પ્રદર્શનો તેમજ રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન મેકિંગ, ટેલિસ્કોપ મેકિંગ, IOT વગેરે જેવા વિજ્ઞાન અને ટેકનોલોજી વર્કશોપનું આયોજન કરવા માટેનું એક આદર્શ પ્લેટફોર્મ છે.

800 બેઠકોની ક્ષમતા ધરાવતો વાતાનુકૂલિત PEB ડોમ

વિસ્તાર - ૮૪૦ ચોરસ મીટર









# હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ

હોલ ઓફ સાયન્સ એક મોટી ખુલ્લી પ્રયોગશાળા છે, જ્યાં મુલાકાતીઓ હેન્ડ્સ ઓન એક્ઝીબીટ્સ માં સામેલ થાય છે અને શોધ પ્રક્રિયા દ્વારા વિજ્ઞાન ને શીખે છે. અહીં મુલાકાતીઓ પ્રકાશ, દ્રષ્ટિ, અરીસાઓ, ગતિશાસ્ત્ર,ધ્વનિ, ઊર્જા જેવા વિવિધ એક્ઝીબીટ્સ ક્ષેત્રો માં ફરીને સ્વસ્પર્શ થી એક્ઝીબીટ્સ ને સમજે છે.

હોલ ઓફ સ્પેસ એક મનમોહક પ્રદર્શની છે જે મુલાકાતીઓ ની કલ્પનાને આકર્ષિત કરે છે અને સાથે સાથે મિશન ટુ માર્સ સિમ્યુલેટર રાઈડ માં સૌરમંડળ ની યાત્રાનો રોમાંચક અનુભવ પણ કરાવે છે.









# ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર

ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર ,વિજ્ઞાન વિશે બાળકની જિજ્ઞાસાને પ્રજ્વલિત કરવા માનવ શરીરની પ્રણાલીઓ, રાસાયણિક પ્રતિક્રિયાઓ, ભૌતિકશાસ્ત્રના પ્રયોગો અને પ્રદર્શનો સહિત ખાસ ક્યુરેટેડ હેન્ડ-ઓન પ્રવૃતિઓ માટે એક આદર્શ સ્થળ છે.








THRILLRIDER
SCIENCE CITY
AHMEDABAD
GUJARAT SCICNCE CITY
થ્રીલરાઈડર
થ્રિલ રાઈડ એ ૩૦ સીટર થ્રિડી સિમ્યુલેટર રાઈડ છે જે રોલર કોસ્ટર, એરોબેટિક એરક્રાફ્ટ, ડાઈનો સફારી,
પિરામિડ ત્રિકોણ અને બીજી ઘણી બધી અદભુત મુસાફરીનો અનુભવ પૂરો પાડે છે.



# લાઈફ સાયન્સ પાર્ક

લાઈફ સાયન્સ પાર્કનો ઉદ્દેશ વિજ્ઞાન અને પ્રકૃતિને જીવંત કરવાનો છે અને બાળકોને આ ગ્રહ પર પ્રકૃતિ અને જીવનની જાળવણીના અભ્યાસમાં પ્રેરિત કરવાનો છે.

લાઈફ સાયન્સ પાર્ક ના મુખ્ય આકર્ષણો માં નદી પ્રણાલી, જીવનની ઉત્ક્રાંતિ, બટરફ્લાય ગાર્ડન, કેક્ટસ એન્ડ સક્યુલન્ટ કોર્નર, એવિઅરી અને નોન-ફ્લાઈંગ બર્ડ કોર્નર, સુગંધિત ફૂલછોડ, ઔષધીય છોડ, સુશોભન માટે ના છોડ તેમજ ટિશ્યુ કલ્ચર લેબનો પણ સમાવેશ થાય છે.

# પ્લેનેટ અર્થ

પ્લેનેટ અર્થ આપણી પૃથ્વીની ઉત્કૃષ્ટ સુંદરતા અને સત્યોને પ્રકાશિત કરે છે. મુલાકાતીઓને વિવિધ પ્રકારની કુદરતી આફતો જેવી કે ભૂકંપ, જ્વાળામુખી, ભૂસ્ખલન વગેરે વિશે શિક્ષિત કરે છે. આ પેવેલિયનમાં જીવન ઉત્ક્રાંતિ, માનવ શરીરરચના, કૃષિ, ખડકો અને ખનીજો, જૈવવિવિધતા, ઊર્જા સ્ત્રોતના પ્રદર્શનો સહિત 4D થિયેટર અને કોલસાની ખાણ પણ આવેલી છે.












## ROUTE 1

1. હૉલ ઑફ સ્પેસ એન્ડ સાયન્સ
2. થ્રિલ રાઈડ
3. લાઈફ સાયન્સ પાર્ક
4. એનર્જી એજ્યુકેશન પાર્ક
5. પ્લેનેટ અર્થ
6. રોબોટિક્સ ગેલેરી
7. એક્વાટિક ગેલેરી
8. નેચર પાર્ક
9. મ્યુઝિકલ ફાઉન્ટેન

## ROUTE 2

8 નેચર પાર્ક
5 પ્લેનેટ અર્થ
6 રોબોટિક્સ ગેલેરી
7 એક્વાટિક ગેલેરી
1 હૉલ ઑફ સ્પેસ એન્ડ સાયન્સ
2 થ્રિલ રાઈડ
3 લાઈફ સાયન્સ પાર્ક
4 એનર્જી એજ્યુકેશન પાર્ક
9 મ્યુઝિકલ ફાઉન્ટેન

## ROUTE 3

7 એક્વાટિક ગેલેરી
6 રોબોટિક્સ ગેલેરી
5 પ્લેનેટ અર્થ
3 લાઈફ સાયન્સ પાર્ક
4 એનર્જી એજ્યુકેશન પાર્ક
8 નેચર પાર્ક
1 હૉલ ઑફ સ્પેસ એન્ડ સાયન્સ
2 થ્રિલ રાઈડ
9 મ્યુઝિકલ ફાઉન્ટેન


Towards Gandhinagar
Towards Gandhinagar
Towards Bopal
Towards Sarkhej
25 KM
34 MIN
16 KM
30 MIN
TO VISIT
WEBSITE
TO DOWNLOAD
ANDROID
TO DOWNLOAD
IOS
FOLLOW US ON
SOCIAL MEDIA
MAKE
YOUR VISIT
MEMORABLE
forever
Science City Road
SCIENCE CITY
AHMEDABAD
Scan QR for
LOCATION
on Google Map
Gujarat Council of Science City
Department of Science and Technology, Govt of Gujarat
Science City Road, Ahmedabad - 380060
9909991361 079 297 031 22
10:30 AM to 8:00 PM
sciencecity.gujarat.gov.in
@ScienceCity
@GujScienceCity
@GujScienceCity
@GujScienceCity